હિંમતનગરમાંથી આંતરરાજ્ય બાઈક ચોરીમાં સંડોવાયેલા પાંચ ઈસમો પકડાયા

એલસીબીએ ૪.૭૭ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો : ૧૫ ગુનાનો ભેદ ઉકેલાયો

હિંમતનગર, તા. ૮

ગુજરાતને અડીને આવેલા રાજસ્થાનના વિવિધ વિસ્તારોમાં રહેતા કેટલાક શખ્સોએ બાઈક ચોરીના રવાડે ચઢી જતા ગુજરાત અને રાજસ્થાનની પોલીસ માટે તેઓ શિરદર્દ સમાન હતા ત્યારે શનિવારે સવારે સાબરકાંઠા એલસીબીએ બાતમીને આધારે રાજસ્થાન ગેંગના પાંચ શખ્સોને હિંમતનગરમાંથી ઝડપી લીધા હતા અને પુછપરછને અંતે પકડાયેલા આ શખ્સોએ રાજસ્થાન તથા સાબરકાંઠા અને અરવલ્લીમાંથી અનેક બાઈકોની ચોરી કરી હોવાની કબુલાત કરતા પોલીસે તેમની પાસેથી અંદાજે રૂ. ૪.૭૭ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ ૧૫ ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મજુબ તેમનો સ્ટાફ શનિવારે હિંમતનગરમાં પેટ્રોલીંગ કરી રહ્યો હતો ત્યારે એવી બાતમી મળી હતી કે રાજસ્થાનમાંથી કેટલાક શખ્સો બાઈક અને મોપેડની ચોરી કરવા માટે હિંમતનગર આવ્યા છે. જે આધારે પોલીસે સઘન તપાસ હાથ ધરીને વિવિધ વિસ્તારોમાં વોચ ગોચ ગોઠવી દીધી હતી. દરમિયાન રાજસ્થાનના વિવિધ વિસ્તારોમાં રહેતા પાંચ શખ્સોને શકને આધારે ઝડપી લીધા હતા અને તેમને અલાયદા સ્થળે રાખીને પુછપરછ શરૂ કરી હતી.

જેમાં પકડાયેલા આ પાંચેય શખ્સોએ સાબરકાંઠા, અરવલ્લી તથા રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાંથી અંદાજે ૧૫ જેટલી વાહનચોરી કરી હોવાનું કબુલ્યુ હતુ. પકડાયેલા પૈકી એક શખ્સ કમલેશભાઈ કાવાજી ડામોરે સાત વર્ષ અગાઉ બંને રાજ્યોમાંથી સાત વાહન ચોરીમાં સંડોવાયેલો હોવાનું જણાયુ હતુ પરંતુ તે પોલીસને થાપ આપી છુપાતો ફરતો હતો. બીજી તરફ પકડાયેલા આ શખ્સોએ પુછપરછ દરમિાન હિંમતનગર, વડાલી, પ્રાંતિજ, શામળાજી સહિતના અન્ય સ્થળેથી સિફતપૂર્વક વાહન ચોરીને ભાગી જતા હતા. જેથી પોલીસે તેમને સાથે રાખીને જે સ્થળે ચોરાયેલા વાહનો રાખ્યા હતા તે સ્થળે જઈને દસથી વધુ બાઈકો કબ્જે લીધા હતા. આ ઉપરાંત પોલીસે અંદાજે રૂ. ૪.૭૭ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ વધુ તપાસ માટે જે પોલીસ સ્ટેશનોમાં વાહન ચોરાયાની ફરીયાદ નોંધાઈ હતી તે પોલીસ સ્ટેશનોમાં તેમને મોકલવાની તજવીજ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે રાજસ્થાનની ગેંગના આ સભ્યોએ હિંમતનગર એડીવીઝન, વડાલી પોલીસ સ્ટેશન, વિજયનગર તાલુકાના ચિઠોડા પોલીસ સ્ટેશન, અરવલ્લીના શામળાજી પોલીસ સ્ટેશનના વિસ્તારો ઉપરાંત રાજસ્થાનના ડુંગરપુર તથા ભુપાલપુરા અને પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદમાંથી વાહનો ચોર્યા હોવાનું જણાયુ હતુ.

પકડાયેલા શખ્સો : વિજયકુમાર બંસીલાલ ડામોર, ગોવિંદ જશમણભાઈ ડામોર, હરીશકુમાર બચુભાઈ પરમાર, બાદલ અશોકજી અસોડા, કમલેશભાઈ કાવાજી ડામોર

બાયડમાં આકાશી ભેદી ધડાકાથી લોકોના જીવ તાળવે બંધાયા

ધડાકાના તિવ્ર અવાજથી લોકો ઘરની બહાર દોડ્યા, અવકાશી ઘટના ટોક ઓફ ધી ટાઉન

બાયડ, તા. ૭

અરવલ્લી જીલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવવાની સાથે બાયડ શહેરના આકાશમાં ગુરૂવારે બપોરના સુમારે ભેદી ધડાકો થતાં લોકો ગભરાઈને ઘરની બહાર નીકળી ગયા હતા. ધડાકાનો અવાજ એટલો તિવ્ર હતો કે જાણે કોઈએ અણુબોમ્બ ફેંક્યો હોય તેવો સ્થાનિક રહીશોએ અનુભવ કર્યો હતો. આ અવકાશી ઘટના અંગેનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. ભેદી અવાજની સાથે ત્રણ સ્થળોએ મિલ્કતોને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. બાયડ માર્કેટ યાર્ડના સેક્રેટરી જીગ્નેશભાઈ પટેલના જણાવ્યા અનુસાર બપોરના બે વાગ્યાના સમયે બનેલી ઘટનામાં ધડાકો થવાથી યાર્ડ સંકુલના ત્રીજા માળની દિવાલ એકાએક ધરાશયી થતાં નુકસાન થયું હતું.

અરવલ્લી જિલ્લામાં બે દિવસથી વીજળીના કડાકા ભડાકા સાથે મેઘ મહેર થઈ રહી છે. ત્યારે બાયડ શહેરમાં આજે વિચિત્ર અવકાશી ઘટના સર્જાઈ હતી. શહેરમાં વરસાદ કે ગાજવીજ ન થતો હોવા છતાં ગુરૂવારના બપોરના સમયે આકાશમાં આંખો આંજી દે તેવા પ્રકાશ સાથે ભેદી ધડાકો થયો હતો. જેના પગલે શહેરીજનો હેબતાઈને ઘરની બહાર નીકળી ગયા હતા. ધડાકાના પ્રચંડ અવાજથી જાણે ધરતીકંપ આવ્યો હોય તેવી કંપારી થવા લાગી હતી. ચારથી પાંચ સેકન્ડની અવકાશી ઘટનાથી લોકોના જીવ રીતસરના તાળવે બંધાઈ ગયા હતા. બપોર બાદ શહેરમાં એક જ ચર્ચા ચાલી હતી કે આવો પ્રચંડ ધડાકો ભૂતકાળમાં કોઈ વડીલોએ પણ સાંભળ્યો નથી ત્યારે આ વિચિત્ર ઘટનાનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન રહ્યો હતો. લોકોના જણાવ્યા અનુસાર બપોરના સમયે આકાશમાં ભેદી અવાજ થતા જાણે કોઈએ અણુબોમ્બથી હુમલો કર્યો હોય તેવો અનુભવ થયો હતો, જોકે પ્રચંડ વિસ્ફોટના લીધે શહેરમાં કેટલીક જગ્યાએ કાચા મકાનોમાં તિરાડો પડી ગઈ હોવાનું લોકો જણાવી રહ્યા છે, આ ઉપરાંત ઘટના સમયે થોડીવાર પૂરતો વીજપુરવઠો પણ ખોરવાઈ ગયો હતો.

હિંમતનગરની તમામ હોસ્પિટલોના તબીબોની મનમાની

૭૦થી વધુ હોસ્પિટલોમાં ફાયર સેફ્ટીના સાધનોના ઠેકાણા નથી

પાલિકાના ફાયરબ્રિગેડે આઠ હોસ્પિટલોની મુલાકાત લીધી

હિંમતનગર, તા. ૮

અમદાવાદમાં આવેલ એક ખાનગી હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલ આઠ નિર્દોષ જીવો આગની ઘટનામાં હોમાઈ ગયા છે. ત્યારે સરકાર સફાળી જાગી છે અને રાજ્યની તમામ હોસ્પિટલોમાં ફાયરસેફ્ટીની વ્યવસ્થા ચકાસવા માટે કરાયેલા આદેશ બાદ હિંમતનગરમાં આવેલી ૭૦ થી વધુ ખાનગી તબિબોની હોસ્પિટલોમાં રખાયેલા સેફ્ટીના સાધનોના કોઈ ઠેકાણા નથી અને શનિવારે પાલિકાના ફાયરબ્રિગેડે શહેરમાં આવેલી આઠ હોસ્પિટલોની મુલાકાત લઈ તપાસ કરતા ત્રણ વર્ષથી એક પણ હોસ્પિટલના તબિબે ફાયરસેફ્ટીના લાયસન્સ રીન્યુ ન કરાવ્યા હોવાનું જણાયુ હતુ.

આ અંગે ફાયરબ્રિગેડના ઓફીસર પ્રતાપસિંહ દેવડાના જણાવાયા મુજબ અમદાવાદમાં આવેલી શ્રેય હોસ્પિટલમાં બનેલી દુર્ઘટના બાદ સરકારના આદેશથી બે દિવસ અગાઉ હિંમતનગરની સિવિલ અને કોવિડ હોસ્પિટલમાં પરિવર્તિત કરાયેલ હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાં મેડીસ્ટાર હોસ્પિટલ તથા બસસ્ટેન્ડ રોડ પર આવેલ સંજીવની હોસ્પિટલની મુલાકાત લઈને ફાયરસેફ્ટીના સાધનો કાર્યરત છે કે નહી તેની તપાસ કરાયા બાદ જાણવા મળ્યુ હતુ કે આ હોસ્પિટલોએ ફાયરસેફ્ટીના સાધન રીન્યુ કરાવ્યા નથી જેથી શુક્રવારે નગરપાલિકાના ફાયરબ્રિગેડ વિભાગે તાકીદ કરીને ઘટતી કાર્યવાહી કરી દેવા માટે જણાવ્યું છે.

તો બીજી તરફ શનિવારે ફાયરબ્રિગેડની ટીમે બસ સ્ટેન્ડ વિસ્તાર તથા આરોગ્યનગરમાં આવેલી આઠથી વધુ હોસ્પિટલોમાં તપાસ કરી હતી. પરંતુ આ ખાનગી હોસ્પિટલોના તબિબોએ દર્દીઓની સલામતીની પરવાહ કરી નથી અને વર્ષ ૨૦૧૭થી પાલિકામાંતે અંગે કોઈ જાણ પણ કરી નથી અને લાયસન્સ રીન્યુ કરવાની દરકાર કરી નથી જેથી આવી ફાયરસેફ્ટીની અધુરી સગવડ ધરાવતી હોસ્પિટલોમાં અવારનવાર સારવાર લેવા આવતા દર્દીઓના જીવન પર કેટલુ જોખમ આવે તે કહેવાની જરૂર નથી જો કે પાલિકાના ફાયરબ્રિગેડે શનિવારે જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ પાસેથી હિંમતનગર ખાનગી હોસ્પિટલોની માહિતી માંગી છે. જે માહિતી આવી ગયા બાદ આગળની કાર્યવાહી કરવા માટે પાલિકાનું ફાયરબ્રિગેડ વિભાગે આયોજનને આખરી ઓપ આપવાનું શરૂ કરી દીધુ છે.

ઉલ્લેખનીય છે કે શનિવારે બસસ્ટેન્ડ વિસ્તાર તથા આરોગ્ય નગરમાં જે હોસ્પિટલોનું ચેકીંગ કર્યુ છે તે તમામ હોસ્પિટલોમાં ગણીબધી અન્ય ક્ષતીઓ પણ ઉડીને આંખે વળગે તેવી હતી. જેથી એવુ મનાય છે કે આગામી દિવસોમાં જિલ્લાનું આરોગ્યતંત્ર આ દિશામાં તપાસ કરીને પ્રજાના હિતનો વિચાર કરે તે સમયની માંગ છે. હિંમતનગરની અનેક હોસ્પિટલોમાં આજે પણ દર્દીઓને લાવવા તથા લઈ જવા માટેના રસ્તાના ઠેકાણા નથી અને અન્ય વાહનો રોડની બંને બાજુ પાર્ક કરી દેવામાં આવતા હોવાથી જરૂરીયાત વાળાઓને તેમના વાહન પાર્ક કરવા માટે અન્ય સ્થળે જઈને પાછા પગપાળા જે તે હોસ્પિટલમાં આવવુ પડે તે પણ હકિકત છે.

સાબરકાંઠામાં કોરોના પોઝીટીવના આઠ કેસ વધ્યા

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના પોઝીટીવના નવા આઠ કેસ નોંધાયા છે. જેને લઈને કુલ આંક ૫૧૨ પર પહોંચ્યો છે. આ આઠ કેસ પૈકી પાંચ કેસ હિંમતનગર શહેરી વિસ્તારના છે. જ્યારે બાકીના પ્રાંતિજ, વડાલી અને તખતગઢ ગામના છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ શુક્રવારે સાંજે પાંચ વાગ્યાથી શનિવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં જે નવા આઠ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરના બળેલી મીલ વિસ્તારમાં ૫૬ વર્ષીય પુરૂષ, રણછોડરાય સોસાયટીમાં ૫૦ વર્ષીય મહિલા, મહેતાપુરામાં ૬૪ વર્ષીય પુરૂષ, કાટવાડ વિસ્તારમાં ૮૫ વર્ષીય મહિલા અને વ્હોરવાડમાં ૬૫ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તે ઉપરાંત વડાલીમાં ૬૪ વર્ષીય મહિલા, પ્રાંતિજના જુની સિનેમા વિસ્તારમાં ૫૬ વર્ષીય પુરૂષ અને તખતગઢ ગામે રહેતા ૫૪ વર્ષીય મહિલા કોરોનામાં સપડાયા છે. આમ અત્યાર સુધીમાં જિલ્લામાં કુલ કોરોના પોઝીટીવનો આંક ૫૧૨ પર પહોંચ્યો છે. જે પૈકી ૧૨૩ કેસ એક્ટીવ છે જ્યારે ૩૮૨ દર્દીઓ સારવાર લઈને સાજા થઈ ગયા છે.

દિયોદર બાંધકામ વિભાગનો ઈજનેર ૪૨ હજારની લાંચ લેતા રંગેહાથ ઝડપાયો

રોડ કોન્ટ્રાક્ટરનું બિલ પાસ કરવા નાણાં માંગ્યા હતા : ડીસા રહેતો હોવાથી કોન્ટ્રાક્ટરને પૈસા આપવા ડીસા બોલાવ્યો અને પાટણ એસીબીએ દબોચી લીધો

ડીસા

ડીસા પાટણ હાઈવે પર દિયોદર બાંધકામ વિભાગનો એસ.ઓ. ૪૨ હજારની લાંચ લેતાં પાટણ એસીબી હાથે ઝડપાયો હતો. એસઓએ દિયોદરના રોડ કોન્ટ્રાક્ટરનું બિલ પાસ કરવા નાણાં માંગ્યા હતા, ભ્રષ્ટ એસઓ ડીસા રહેતો હોવાથી કોન્ટ્રાકટરને પૈસા આપવા ડીસા બોલાવ્યો હતો અને પાટણ એસીબીએ પૈસા લેતા દબોચી લીધો હતો. ફરીયાદી કોન્ટ્રાકટરને માર્ગ અને મકાન વિભાગ સ્ટેટમાં રોડ રસ્તાનું તથા રોડની સાઈડોનું માટી કામ તથા ઝાડીઓનું કામ કરવાનો વાર્ષિક કોન્ટ્રાક્ટ છે.

જેમાં દિયોદર સબ ડિવિઝનમાં ગામડાઓના રસ્તાઓનું એજન્સી દ્વારા કામ કરાયું હતું જોકે તેના બિલ મંજૂર કરેલા હોઈ તેના ટકાવારી પેટે રાહુલકુમાર બાબુભાઈ પટેલ, (વર્ગ-૩ અ.મ.ઈ,માર્ગ અને મકાન વિભાગ, દિયોદર, જી.બનાસકાંઠા)એ રૂ.૪૨ હજારની લાંચની માંગણી કરી હતી.

જોકે તેની વાતચિતનું રેકોર્ડીંગ કોન્ટ્રાક્ટરે કરી દીધું હતું અને તેણે પાટણ એસીબીમાં ફરિયાદ કરતા પાટણ એસીબી પી આઈ એચ.એસ.આચાર્યએ છટકું ગોઠવ્યું હતું. જેમાં ડીસામાં રાહુલ પટેલ કાર લઈને કોન્ટ્રાક્ટરને મળવા આવતા જ તેણે પૈસા સ્વીકાર્યા બાદ એસીબીએ તરત ઝડપી પાડ્યો હતો. પાટણ એસીબીએ આરોપીને ઝડપ્યા બાદ પાલનપુર એસીબીએ રાહુલ પટેલના ઘર પર છાપા માર્યો હતો. જેની વિગતો પ્રાપ્ત થઈ શકી ન હતી.

ભિલોડાના માંકરોડા ગામમાં વીજળીના થાંભલા પરથી વીજ તાર તુટતા ચાર પશુઓના મોત

ભિલોડા તાલુકાના માંકરોડા ગામમાં ચર્ચ પાસે વીજળીના થાંભલા પરથી વીજ તાર તુટતા ૪ પશુઓના મોત નિપજતા પશુપાલકને અંદાજીત બે લાખનું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. પશુપાલક કમળાબેન નરેશભાઈ બારોટની ૩ ભેંસો,૧ ગાય ચર્ચ પાસે ખુલ્લા વિસ્તારમાં ચરતા હતા. યુ.જી.વી.સી.એલ.ના થાંભલા પરથી ચાલુંવીજ લાઈનનો તાર એકાએક તુટતા ૪ પશુઓના ઘટના સ્થળે મોત નિપજતા પશુપાલકને નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. યુ.જી.વી.સી. એલ.ના અધિકારીઓ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી પંચનામુ કર્યુ હતું. યુ.જી.વી.સી. એલ.ના અધિકારીઓ - બેનંબરીયા કોન્ટ્રાકટરોની બેદરકારીના કારણે અવાર-નવાર ખેડુતો, પશુપાલકોને નુકસાન સહન કરવાનો વારો આવતો હોય છે.

બાયડ તાલુકા મામલતદાર કચેરીનુ તંત્ર સફાળુ જાગ્યું

આખરે પાંચ દિવસ બાદ મામલતદાર કચેરીમાં કનેક્ટિવિટી ચાલુ થઈ : કનેક્ટિવિટી બંધ રહેતા લોકો ધરમના ધક્કા ખાવા મજબૂર બન્યા : બાયડ મામલતદાર કચેરીના ખાડે ગયેલા વહીવટને લઇને લોકો ત્રસ્ત બન્યા

બાયડ, તા. ૭

બાયડ મામલતદાર કચેરીમાં પાંચ દિવસથી બીએસએનએલમાંથી આવતી જીસ્વાનની કનેક્ટિવિટી ખોરવાતા ગામડામાંથી આવતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. બાયડ મામલતદાર કચેરીના ખાડે ગયેલા વહીવટથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયાં છે, ત્યારે કનેકટીવીટી ખોરવાતા રેશનકાર્ડ ૭/૧ ૨ના ઉતારા સહિતની કામગીરી બંધ રહેતા અરજદારોને વીલા મોઢે પરત જવાનો વારો આવ્યો હતો. પાંચ દિવસથી મામલતદાર કચેરીનો કામ ખોરંભે પડી ગયો હતો ત્યારે આજરોજ કનેક્ટિવિટી આવતા મામલતદાર કચેરીમાં રાબેતા મુજબ કામકાજ શરૂ થતા અરજદારોએ રાહતનો શ્વાસ લીધો હતો.

લોકડાઉનનો સદુપયોગ

ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા રમેશભાઈ લોધાના સુપુત્ર ભરતભાઈના પત્નીએ હાલમાં ચાલી રહેલ લોકડાઉન દરમિયાન નવરાશની પળોમાં વેસ્ટમાંથી બેસ્ટ ઉક્તિ સાર્થક કરી એક સરસ ઘર બનાવ્યું છે. સામાન્ય રીતે ઘરમાં ટીવી, ફ્રિજ, સોફા પાર્કિંગની જગ્યાની જેમ બાઈક કાર પાર્કિંગ તેમજ વૃક્ષ સહિતની સગવડોથી સુસજ્જ ઘરની અંદર સજાવટ તેમજ રંગ રોગાન જોનારાનું મન મોહી લે છે. માત્ર ૧૫ દિવસમાં આકાર પામેલ આ ઘરને જોવા માટે આજુબાજુના રહીશો ઉમટી પડે છે અને તેમની કળાને બિરદાવે છે.

ભિલોડા જન સેવા ઈંગ્લીશ મીડીયમ સ્કુલની શિક્ષિકા ગુમ

ભિલોડા,તા.૮

ભિલોડા જન સેવા ઈંગ્લીશ મીડીયમ સ્કુલની શિક્ષીકા ગુમ થઈ જતા ચકચાર મચી જવા પામી છે. પી.એસ.ઓ. સરસ્વતીબેન, અ.હે.કો. કલ્પેશભાઈના જણાવ્યા મુજબ ભિલોડાના ગોવિંદનગર વિસ્તારની ૨૨ વર્ષીય યુવતી મમતાબેન મહેશભાઈ પ્રજાપતિ, જન સેવા સંઘ ઈંગ્લીશ મીડીયમ સ્કુલની શિક્ષીકા સવારે ૮:૦૦ વાગ્યાના સુમારે નોકરી જાઉં છું તેમ કહીને ઘરેથી નીકળેલ હોઈ પરંતુ સમયસર ઘરે પરત ન આવતા પરીવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. મહેશભાઈ કેવળભાઈ પ્રજાપતિ યુવતીના પિતાએ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસે જાણવા જોગ અરજી મેળવી યુવતીની શોધખોળના ચક્રો ગતિમાન કર્યા છે.

વિજયનગરના કુંડલા ગામેથી દેશી બનાવટની બંદુક પકડાઈ

સાબરકાંઠા એસઓજીએ શનિવારે બાતમીને આધારે વિજયનગર તાલુકાના કુંડલા ગામના એક ઘરેથી પાસ પરમીટ વિનાની દેશી બંદુક કબ્જે લઈ આ શખ્સ વિરૂદ્ધ આર્મ્સ એક્ટ મુજબ વિજયનગર પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

શનિવારે તેમનો સ્ટાફ વિજયનગર તાલુકામાં પેટ્રોલીંગ કરી ગુનાહિત માનસ ધરાવતા કેટલાક શખ્સોને સોધી રહ્યા હતા. ત્યારે તેમને એવી બાતમી મળી હતી કે કુંડલા ગામે આવેલ જીઈબી સબ સ્ટેશનની સામે રહેતા અમરતભાઈ મકનાજી પરમાર કે જેઓ પાસપરમીટ વિના દેશી બંદુક રાખે છે. જેથી એસઓજીના સ્ટાફે આ બાતમીને આધારે જીઈબી સબ સ્ટેશન વિસ્તારમાં જીને ઈંટોવાળા મકાનની તલાસી લેવાનુ શરૂ કર્યુ હતુ.

ત્યારબાદ અમરતભાઈની પુછપરછ કરીને ઘરમાંથી અંદાજે રૂ. ૨ હજારની કિંમતની દેશી બનાવટની બંદુક ઝડપી લીધી હતી જે અંગે પોલીસે બંદુક રાખવા માટેના પરવાનાની માંગ કરતા અમરતબાઈ રજુ કરી શક્યા ન હતા તેથી પોલીસે આર્મ્સ એક્ટ મુજબ અમરતભાઈની અટકાયત કર્યા બાદ તેમની વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

બાયડ માર્કેટયાર્ડના ચેરમેનની બિનહરીફ વરણી

બાયડ તાલુકાના ગામના વતની બાબુભાઈ પટેલની બાયડ માર્કેટયાર્ડના ચેરમેન તરીકે સતત બીજીવાર બિનહરીફ વરણી કરવામાં આવતા અભિનંદન પાઠવ્યા હતા.

મેઘરજ પોલીસે ઈનોવા કારમાંથી દારૂ સાથે બે બુટલેગરોને ઝડપ્યા

માલપુર પોલીસે વણજારીયા અને પરપોટીયા ગામેથી ૧૯ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

મેઘરજ, તા. ૮

અરાવલ્લી જીલ્લામાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલા મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. મેઘરજની રાજસ્થાન રાજ્યને અડીને આવેલી આંતરરાજય સરહદ પરથી નાના-મોટા વાહનો મારફતે બુટલેગરો રાજ્યમાં વિદેશી દારૂ મોટા પ્રમાણમાં ઠાલવી રહ્યા છે.

મેઘરજ પોલીસે ઉંડવા ચેકપોસ્ટ નજીકથી ઈનોવા કારમાં ૪૧ હજારના દારૂની ખેપ મારતા અમદાવાદના બુટલેગર સહીત એક એક શખ્સને ઝડપી પાડ્યા હતા. માલપુર પોલીસે વણજારીયા ગામે ત્રાટકી વાલા સરદારભાઈ પગીને ૧૩ હજારના દારૂ સાથે તેમજ પરપોટીયા ગામેથી અમરત રતાભાઈ કોટવાળના ઘરેથી ૫ હજારનો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. બુટલેગર પોલીસને થાપ આપી નાસી છૂટતા પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ પીઆઈ જે.પી. ભરવાડ અને તેમની ટીમે ઉંડવા ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધર્યુ હતું. રાજસ્થાન તરફથી શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી ઈનોવા કાર (ગાડી.નં- જીજે-૦૧બીવી-૯૩૫૦)ને અટકાવી તલાસી લેતા ઈનોવા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૭૫ કી. રૂ.૪૧૨૦૦નો જથ્થો જપ્ત કરી કરણસિંહ ગૌતમસિંહ રાઠોડ (રહે.ચાણક્યપુરી માર્કેટ, ઘાટલોડિયા) ગૌતમસિંહ વખતસિંહ સીસોદીયા (રહે. ઘાટડા, ડુંગરપુર-રાજ)ને ઝડપી પાડી ઈનોવા કાર, મોબાઈલ મળી કુલ રૂ. ૮૫૧૨૦૦નો મુદ્દમાલ જપ્ત કરી બંને બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે વણજારીયા ગામે ઘરમાં વિદેશી દારૂનો વેપલો કરતા વાલા સરદારભાઈ પગીના ઘરે રેડ કરી વિદેશી દારૂ અને રાજસ્થાન બનાવટની દેશી મદિરા બોટલ-ટીન મળી કુલ નંગ-૧૦૩ કીં. રૂ.૧૩૩૫૦નો જથ્થો જપ્ત કરી વાલા સરદાર પગીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો તેમજ પરપોટીયા ગામે બાતમીના આધારે ત્રાટકી અમરત રતાભાઈ કોટવાળના ઘર આગળ ચોપડમાં સંતાડી રાખેલ રાજસ્થાન બનાવટ દેશી મદિરા અને બિયર ટીન નંગ-૫૨ કી. રૂ.૫૫૦૦નો જથ્થો જપ્ત કરી પોલીસ રેડ જોઈ ફરાર બુટલેગરને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા હતા.